# નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટના સંસ્થાપન પ્રસંગે
# ચિંતન પરીખનું વક્તવ્ય - ૧૮મી મે, ૨૦૧૮, શુક્રવાર

માનનીય શ્રી સિતાંશુભાઇ, શ્રી રઘુવીરભાઇ, શ્રી પ્રફુલ્લભાઇ, શ્રી શૈલૈષભાઇ, પાવન બકેરી, શ્રીમતી તરલાબેન ભગત, શ્રી સંદીપભાઇ ભગત અને સર્વે આમંત્રિતો,

કવિ અને સાક્ષર સ્વ. નિરંજનભાઇના નજીકના મિત્રો અને તેમના પરિવારજનો દ્વારા નિર્મિત નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટનું સંસ્થાપન આજથી શરૂ થાય છે. તે પ્રસંગે આપ સૌ ની ઉપસ્થિતિ અને સાથે જ મંચ ઉપર ગુજરાતી સાહિત્યના બે વિદ્વાન ઉપાસકો : જ્ઞાનપીઠ પારિતોષિકથી સન્માનિત શ્રી રઘુવીરભાઇ ચૌધરી અને હમણાંજ સરસ્વતી સન્માનથી જેમને વિભુષિત કરવામાં આવ્યા તે શ્રી સિતાંશુભાઇ યશસ્ચંદ્રની હાજરી આ ટ્રસ્ટ માટે એક પ્રેરણાસ્ત્રોત તો બની જ રહેશે પણ સાથે સાથે આ ટ્રસ્ટની ભાવિ પ્રવૃત્તિઓની યથાર્થતા અને સાતત્ય માટે પણ અમારે માટે એક પડકાર બની રહેશે. મને આશા છે કે આપ સૌ ના સહકાર થી અમે આ જવાબદારી નિભાવીશું.

આ પ્રસંગે આ ટ્રસ્ટ હવે પછીના સમયમાં કઇ કઇ પ્રવૃત્તિઓમાં તેનું યોગદાન આપવા ઇચ્છે છે તેની એક રૂપરેખા અને આ પ્રવૃત્તિઓ પાછળની પૂર્વભૂમિકા હું આપની સમક્ષ મૂકવા ઇચ્છું છું.

નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટની ભાવિ પ્રવૃત્તિઓઃ

૧. ચાલીસના દાયકાના અંતમાં નિરંજન નામનું એક અફાટ મોજું આવીને ગુજરાતી સાહિત્યને સમુદ્રકાંઠે અફળાય છે. ગુજરાતી પદ્યમાં પ્રવેશ થાય છે કાવ્યની એક નોખી જ ભાત લઇને આવનાર યુવાન કવિનો. ગુજરાતી પદ્યમાં એક નવા યુગના મંડાણ થાય છે. રાજેન્દ્ર-નિરંજન યુગના.

   શ્રી નિરંજન ભગત પચાસના દાયકા માટે એક આધુનિક કવિ હતા. એક મહાનગરીય કવિ. તેમની નગરકવિતાઓ માં શહેરની ~~સડકોની~~ સોડમ હતી તો ક્યાંક અદ્વૈતથી શરૂ કરીને નિજાનંદની અનુભૂતિ હતી. આ આધુનિક

સર્જકતાને ધ્યાનમાં લઇને હવે પછીના વર્ષોમાં આવનારી ગુજરાતી પદ્યની મૌલિક સર્જકતાને કંઇક કરીને પ્રોત્સાહિત કરવા અને સન્માનિત કરવામાં આ ટ્રસ્ટ યોગદાન આપવા ઇચ્છે છે.

૨. કવિ નિરંજન એક ઉત્તમ સમીક્ષક અને વિવેચક પણ હતા. તેમની કાવ્યયાત્રાના દીર્ઘમૌનના સમયકાળ દરમ્યાન ગુજરાતી તેમજ વિશ્વ સાહિત્યના ક્ષેત્રમાં તેમણે કરેલ ખેડાણના ચાસ ખૂબ ઊંડા અને સુદીર્ઘ બનીને આપણી વચ્ચે પથરાયેલા છે. ગુજરાતી સાહિત્યમાં વિવેચન ક્ષેત્રે નિરંજનની ખોટ હંમેશ સાલશે. આ પડકાર સામેના એક નમ્ર પ્રયાસ રૂપે આ ટ્રસ્ટ ગુજરાતી સાહિત્યમાં નિષ્પક્ષ, નિર્વિકાર અને નિર્લેપ વિવેચનને પ્રોત્સાહિત અને સન્માનિત કઇ રીતે કરી શકાય તે અંગે સક્રિયતાથી વિચારવા માંગે છે.

૩. મૂર્ધન્ય કવિ અને વિવેચક નિરંજન આજીવન શિક્ષક હતા. તેમનું શિક્ષણ વર્ગની ચાર ભીંતો અને અભ્યાસક્રમ પુરતું સીમીત ન હતું. દાયકાઓ સુધી, હેવમોરના ટેબલથી શરૂ કરીને મિત્રોના દીવાનખાનાઓ સુધી સાતત્ય, અખંડતા અને છતાં અનૌપચરિકતાથી સભર હતું. નિરંજન જયાં બેસે તે સ્થળ ગુરૂકુળ બની જતું. ભગત સાહેબ માટે કોઇ ભાષા <u>અસ્પૃશ્ય</u> ન હતી. તેમને કદી વિદ્યાર્થીઓની ખોટ ન હતી. તેમને કોઇપણ જ્ઞાનપિપાસુ માટે ઉંમરનો બાધ ન હતો. પચાસ અને સાઠના દાયકાઓમાં ગુજરાતનું શિક્ષણ માધ્યમો માટેનું સમરાંગણ બની ગયું હતું. શાળાઓમાં માધ્યમ ગુજરાતી હોવું જોઇએ કે અંગ્રેજી તે માટેની હુંસાતુસીના રાજકારણે માઝા મૂકી હતી. માધ્યમોના કુરુક્ષેત્રમાં નિરંજન ભાઇનો ગીતામંત્ર હતો : માધ્યમ ગુજરાતી અને ઉત્તમ અંગ્રેજી. તેઓ માનતા કે ગુજરાતી માધ્યમમાં ભણો પણ સાથે જ અંગ્રેજી ભાષાની નિપુણતા અને તેના પરનું પ્રભુત્વ તો હોવું જ જોઇએ. તેમના અંતિમ વર્ષો દરમ્યાન તેમણે આજની ગુજરાતી સ્કુલોમાં અંગ્રેજીના યોગ્ય શિક્ષકોને અભાવે થઇ રહેલ નીચી ગુણવત્તાના અંગ્રેજીના શિક્ષણ અંગે ઘેરી ચિંતાની લાગણી વ્યકત કરી હતી. આ દિશામાં ગુજરાતી શાળાઓમાં થઇ રહેલ અંગ્રેજી ભાષાના શિક્ષણને પ્રોત્સાહિત કરવા આ ટ્રસ્ટ નકકર કામગીરી કરવા ઇચ્છે છે.

૪. નિરંજનભાઇનું ગુજરાતી સાહિત્યને અમૂલ્ય યોગદાન મળ્યું તેમના વૈશ્વિક સાહિત્ય અને વૈશ્વિક સંસ્કૃતિના અધ્યયન અને તેની જનપ્રસ્તુતિ દ્વારા. નિરંજનભાઇ અમને સૌ ને કહેતા : " ચિંતન, સાહિત્યની એકવીસમી સદી તે અનુવાદની સદી હશે." આંતરભાષાના મૌલિક સર્જનોને ભાષાંતરના માધ્યમથી પ્રોત્સાહિત કરવાની દિશામાં આ ટ્રસ્ટ નમ્ર પ્રયાસ કરવા ઇચ્છે છે.

૫. નિરંજનભાઇના વિચાર વિશ્વમાં કવિવર રવિન્દ્રનાથ ટાગોરનો ઉંડો પ્રભાવ રહયો. તેમના અંતિમ વર્ષોમાં તેઓ શૈલેષભાઇ પારેખ સાથે રવીન્દ્રભવનની પ્રવૃત્તિઓ સાથે ગળાબૂડ થઈને સક્રિય રહયા. આ ટ્રસ્ટ કવિવર ટાગોરના સાહિત્ય અને વિચારધારાને ગુજરાતમાં લોકભોગ્ય બનાવવા યથાશકિત યોગદાન આપવા ઇચ્છે છે.

૬. અને છેલ્લે અમારી એટલે કે સાહેબના મિત્રોની મનની વાત પણ કરી લઉં. આ વાત આ ટ્રસ્ટની છઠ્ઠી પ્રવૃત્તિ વિષે છે. કંઇક જુદા જ અભિગમની આ વાત છે.

સાહેબ અમારે ઘરે દર અઠવાડિયે આવતા અને સાથે કોઇને અને કોઇને લઇ આવતા. ક્યારેક બોદલેરને લઇ આવતા તો કયારેક સાથે મીરાબાઇને લઇ આવતા. કોઇ દિવસ લેસ્બસથી સાફોને બોલાવી લાવતા. આ બધી વિભુતિઓ વચ્ચે અમે સાહેબની આંખોના ખૂણામાં સંતાયેલા એકાન્તને પણ જોઇ લેતાં. સાહેબના મૂશળધાર વક્તવ્યની વચ્ચે સાહેબના અંતરમાંથી ડોકાતા મૌનનો તાગ કાઢતા. આજે પણ નરસિંહથી એલિયટ સુધીના પડઘા દર શુક્રવારે હું ઘરમાં સાંભળુ છું.

આજથી પચ્ચીસેક વર્ષ પહેલાની વાત છે. એકવાર સાહેબ મારે ઘરે આવ્યા અને મને કહે કે "ચિંતન, સિતાંશુ એ આ ખૂબ સરસ ખંડકાવ્ય લખ્યું છે અને આજે તમારી સામે વાંચવુ છે." એ ખંડકાવ્ય હતુ જટાયુ. સાહેબનો અવાજ અને તેની પ્રથમ બે પંકિતઓ હજી યાદ રહી ગઇ છે.

નગર અયોધ્યા ઉત્તરે
અને દખ્ખણ નગરી લંક

સાહેબની ગેરહાજરીમાં અમારી મિત્રોની દશા પણ જટાયુ જેવી જ થઇ છે. રઘુવીરભાઇ, તમે તો સમજી શકશો કે અમે સાહેબના મિત્રો ખરા પણ સાહિત્યના પેંગડામાં પગ મૂકવાનું અમારુ ગજુ શું ? અમારી સમજણ શી ?

ખંડકાવ્યના અંતિમખંડમાં ખુદ પક્ષી જટાયુ બોલે છે.

ઝટ કર ઝટ કર રાઘવા
હવે મને મૌનનો કેફ ચડે

જટાયુને કંઇક અંદેશ હતો કે રાઘવ આવશે. પણ અમારા રાઘવ તો હવે કયાંથી આવે ? નિરંજનતો અગાધ સમુદ્ર હતા. તેમણે અમને એક એક આચમની ભરીને જે પીવડાવ્યું અને જેટલું પીવડાવ્યું તેનો કેફ હજી પણ છે. પણ અમારી બાકીની તરસનું શું ?

ઘણા વર્ષો પહેલાંનું સિતાંશુભાઇનું " વૈશાખી કોયલ " નામના નાટકનું વાકય યાદ આવે છે. "ભીડમાં તો બધા જ ખોવાતા હોય છે પણ કયારેક ભીડ વિખરાઇ જાય તે પછી આપણે ખોવાઇ જઇએ છીએ." સાહેબની ગેરહાજરીમાં અમારે સાહેબની હાજરીનો આભાસ કરાવતું વાતાવરણ ઊભું કરવું છે અમે વિચારીએ, છીએ કે હેવમોરમાં નિરંજનભાઇ બેસતાં તેવું એક કાલ્પનિક નિરંજન કાફે આ ટ્રસ્ટ પ્રોત્સાહિત કરે. આ કાફેનું Physical Location ન હોય પણ થોડા થોડા સમયને અંતરે અમે મિત્રો મળીએ. તે એક જાતનું Open House હોય. જેને રસ પડે તેવા શહેરના લોકો, સાહિત્યરસિકો, વિદ્યાર્થીઓ, સાહેબના ચાહકો બધાં આવે. વિવિધ વિષયો પર ચર્ચા કરવા સિતાંશુભાઇ, રઘુવીરભાઇ, પ્રબોધભાઇ પરીખ જેવા વિદ્વાનોને અમે આમંત્રિત કરીએ અને સૌ શ્રોતા બનીને મુકત સંવાદનો લાભ લઇએ. નવનીતના ગયા અંકમાં સિતાંશુભાઇએ પૂર્વ નિરંજન અને ઉત્તર નિરંજનની સમીક્ષા રજુ કરી છે. સાહેબના શબ્દોમાં કહું તો "મને (પૂર્વ નિરંજનને) મુંબઇમાં ફિલ્મોને રવાડે ચડાવ્યો મડિયાએ (સ્વ.ચુનીલાલ મડિયા)." મારે કબુલવું જોઈએ કે જીવનના છેલ્લા વર્ષોમાં ઉત્તર નિરંજનને ફિલ્મોને રવાડે મેં ચડાવેલા. દર અઠવાડિયે અમે બન્ને ભેગા થઈને વિશ્વના શ્રેષ્ઠ દિગ્દર્શકોની ફિલ્મો મારા ઘરે

જોતા. સત્યજીત રાય અને મૃણાલ સેનથી માંડીને અકીરા કુરોસાવા અને મજીદ મજીદી સુધીના પ્રખ્યાત દિગ્દર્શકોની સેંકડો ફિલ્મો અનેક ભાષાઓમાં અંગ્રેજી સબટાઈટલ્સ સાથે અમે જોઈ હશે. સાહેબની યાદને તાજી રાખવા અમે એક ફિલ્મ કલબ પણ નિરંજન કાફેમાં શરૂ કરવાનું વિચારીએ છીએ.

મેમોરિયલ ટ્રસ્ટ આપણે કોઇની યાદ તાજી રાખવા બનાવીએ છીએ. જેથી જેને ભુલ્યા હોઇએ તેને યાદ કરી શકાય. પણ મુશ્કેલી ત્યાં છે કે સાહેબ ભુલાતા નથી. ખરેખર, સાહેબ નથી ભુલાતા.

આજે છે ૧૮ મી મે. આજે જન્મ્યા હતા વિચક્ષણ ફિલોસોફર બર્ટ્રાન્ડ રસેલ. આજે જન્મ્યા હતા રુબાઈયતોના રોમેન્ટિક કવિ ઓમર ખય્યામ. અને આજે જન્મ્યા હતા ગુજરાતી ભાષાના મૂર્ધન્ય કવિ શ્રી નિરંજન ભગત.

આજે તેમના જન્મદિને તેમને આપણા સૌ વતી નમ્ર વંદન કરું છું અને હવે શ્રી શૈલેષભાઇ પારેખને વિનંતી કરું છું કે નિરંજનભાઇના છેલ્લા વર્ષોમાં લખાયેલા અને અપ્રકાશિત રહેલા કાવ્યો, જે “અંતિમ કાવ્યો” ને નામે આ ટ્રસ્ટ દ્વારા આજે પ્રકાશિત થઇ રહ્યાં છે તે વિષે તેમનું વકતવ્ય આપે.

આભાર.